# Day to Day Current Affairs

## 26. Feb 2016

## ૧. રેલવે બજેટ 2016 - 2017 :

- રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ વર્ષ 2016-17 માટેના રેલવે બજેટ માટે 1.21 લાખ કરોડના કેપિટલ પ્લાન સાથેનું રેલવે બજેટ રજુ કર્યું.
- રેલવે બજેટના મહત્વના અંશો :

* મહિલાઓ માટે :

- કોચના મધ્યભાગમાં મહિલાઓને રિઝર્વેશન આપાશે
- તમામ રિઝર્વ્ડ કેટેગરીમાં મહિલાઓ માટે 33 ટકા સબ ક્વોટા
- 24 કલાકની હેલ્પલાઇન નંબર182નો પ્રારંભ
- સોશિયલ નેટવર્કની સુવિધા

* વૃધ્ધો માટે:

- દરેક ટ્રેનમાં સિનિયર સિટિઝન માટે 120 લોઅર બર્થ અનામત રાખવામાં આવશે.
- વૃધ્ધો અને દિવ્યાંગો માટે સ્ટેશનના પગથિયાથી ટ્રેનના ડબ્બા સુધી સારથી સુવિધા શરૂ કરાશે

* દિવ્યાંગ માટે :

- દરેક સ્ટેશનો પર દિવ્યાંગ ફ્રેન્ડલી શૌચાલય
- વ્હીલચેરનું ઓનલાઇન બુકિંગ
- તમામ નવા કોચમાં બ્રેઇલની સુવિધા
- દિબ્રુગઢ રાજધાનીમાં પહેલું બાયો ટોઇલેટ લાગશે

* બાળકો માટે :

- રેલવે સ્ટેશનો પર બાળકોના ભોજન માટે જનની સેવા યોજના
- બેબીફુડ,ગરમ દુધ તેમજ બેબીબોડની સુવિધા ઉપલબ્ધ થશે

* યુવાનો માટે :

- આ બજેટમા 100 સ્ટેશનો વાઇફાઇથી સજ્જ કરાશે.
- આગામી બે વર્ષમાં 100 સ્ટેશનો પર વાઇફાઇ સુવિધાનો લક્ષ્ય
- રેલવેમાં નોકરે માટે ઓનલાઇન ભરતી પરિક્ષા
- દરેક કોચમાં મોબાઇલ ચાર્જર તેમજ મનોરંજન માટે FM રેડિયોની સુવિધા

* આમ આદમી માટે :

- પ્રવાસીભાડામાં કોઇ વધારો નહી
- આધુનિક સુવિધા ધરાવતા સ્માર્ટ કોચ
- ટ્રકિટ વેન્ડિંગ મશિનો દ્વારા પ્લેટફોર્મ પર ટિકિટનું વેચાણ
- વિદેશી અને એન.આર.આઇ વિદેશી ક્રિડિટ-ડેબીટકાર્ડથી ઇ-ટિકિટ ખરીદી શકશે.
- આવનારા સ્ટેશનોની માહિતી આપવા કોચમાં જી.પી.એસ બેઝ્ડ ડિસ્પ્લે અને ઇન્ફર્મેશન બોર્ડ.
- સબર્બન અને ટૂંકા ગાળાના પ્રવાસીઓને ટિકિટ માટે હેન્ડ હેલ્ડ ટર્મિનલ્સ.

* ગુજરાત માટે :

- જાપાનની મદદથી અનમદાવાદ બુલેટ ટ્રેનનું કામ આગળ વધશે.
- વડોદરાની નેશનલ એકેડમી ઓફ રેલવેને યુનિવર્સિટી તરીકે અપગ્રેડ કરાશે.
- દ્વારકાને આસ્થા એક્સપ્રેસ દ્વારા તીર્થ સર્કિટમાં સામેલ કરાયું
- હજીરા પોર્ટને રેલવે કનેક્ટિવિટી અપાશે.

* નવી ટ્રેનોની જાહેરાત :

- રેલવે પ્રધાને બજેટમાં ચાર નવી ટ્રેનોની જાહેરાત કરી જેમા ત્રણ સુપરફાસ્ટ ટ્રેન અને એક એક્સપ્રેસનો સમાવેશ થાય છે. જે નીચે મુજબ છે

1) હમસફર (સુપરફાસ્ટ) :
 - તેની તમામ બોગીઓ એસી -3 રહશે.
 - આ ટ્રેનમાં ભોજનનો વિકલ્પ પણ રહેશે

2) તેજસ (સુપરફાસ્ટ) :
 - 130 કિમીની ઝડપે દોડતી આધુનિક સેવાઓ ધરવતી ટ્રેન
 - જેમા મનોરંજન સ્થાનિક વ્યંજનો અને વાઇફાઇની સુવિધા હશે

3) ઉડય (સુપરફાસ્ટ) :
 - આ ડબલડેકર એસી ટ્રેન હશે.
 - દેશના સૌથી વ્યસ્ત રૂટો પર ચાલશે.
 - આ ટ્રેન માગ રાત્રીના સમયેજ દોડશે.

4) અંન્યોદય એક્સપ્રેસ :
 - લાંબા અંતરની ફકત જનરલ કોચ ધરાવતી ટ્રેન હશે જેથી ગરીબ વર્ગને સુવિધા થઇ શકે.

• આ ઉપરાંત અન્ય જાહેરાત :

- લાંબા અંતરની ટ્રેનોમાં દિનદયાલ જનરલ કોચ લાગશે જેમા પાણીની સુવિધા અને મોબાઇલ ચાર્જિંગ પોઇંટ હશે.
- તમામ સ્ટેશનો પર સીસીટીવી અને દરેક ડબ્બામાં કચરા ટોપલી હશે.
- જો ટ્રેનનો ડબ્બો ગંદો હોય તો ‘ ક્લિન માય કોચ’ સુવિધા અંતર્ગત માત્ર એક મેસેજ કરવાથી કામદાર આવી સફાઇ કરી જશે.
- માલગાડીઓની સરેરાશ ગતિ 50 કિમી અને એક્સપ્રેસ ગાડીઓની સરેરાશ ગતિ 80 કિમી પ્રતિકલાક થશે.
- 2020 સુધીમાં તમામમાનવ રહિત ક્રોસિંગ નાબૂદ કરાશે
- કુલી હવે યાત્રી સહાયક કહેવાશે તથા તેમને મુસાફરો સાથે સારા વ્યવહારની તાલીમ અપાશે.

- ચેન્નાઇમાં દેશના સૌથી પહેલા રેલ ઓટો હબ અને ઇ કટરિંગ પણ જાહેરાત કરાઇ છે.
- જનરલ કમ્પાર્ટમેન્ટમાં પણ હવે મોબાઇલ,લેપટોપ ચાર્જિંગ માટે બે-બે પોઇન્ટ આપવામાં આવશે.
- એસી કોચની માફક જનરલ ડબ્બાના યાત્રીઓ પણ પૈસા ખર્ચીને ઓઢવા-પાથરવાનો સામાન ખરીદી શકશે
- રેલયાત્રીઓને ટિકિટની સાથે જ વૈકલ્પિક વીમા યોજનાનો લાભ પણ ટિકિટ આપવામાં આવશે.
- 139 નંબર પર કોલ કરીને પણ ટિકિટ્ રદ કરવાની સુવિધા
- બે હજાર રેલવે સ્ટેશનો પર નાગરીક સુવિધા માટે 20 હજાર ડિસ્ટલે સ્કિન તેમજ એફ એમ રેડિયો.

- રેલવે બજેટ વિશે અન્ય જાણવા જેવી બબતો :

- 65808 કિ.મી.ના રૂટનું નેટવર્ક
- રેલવેનું બજેટ સૌપ્રથમ વખત 1924માં કેન્દ્રિય આર્થિક બજેટથી અલગ થયું હતું
- 1920માં વિલિયમ એકવર્થને ભારતીય રેલવેના ચેરમેન તરીકે નિમવામાં આવ્યા હતાં. તેમણે રેલવે બજેટને જુદું પાડવામાં મહત્વની ભુમિકા નિભાવી હતી.
- ભારત એવો એકમાત્ર દેશ છે જ્યાં એક મંત્રાલયમાટે અલગથી બજેટ રજુ કરવામાં આવે છે.
- રેલવે બજેટમાં નાણાકીય હિસાબ કિતાબનું વાર્ષિક સરવૈયુ લોકસભાના માધ્યમથી દેશ સમક્ષ રજુ કરાય છે.
- દેશના બંધારાણની કલમ 112 નિયમ 204 મુજબ દેશમાં બજેટના બે ભાગ પાડી રજુ કરવામાં આવે છે જેમાં પહેલા રેલવે બજેટ અને પછી મુખ્ય બજેટનો સમાવેશ થાય છે.
- રેલવે બજેટનું પ્રથમ જીવંત પ્રસારણ તા 24 માર્ચ 1994માં તત્કાલીન રેલ મંત્રી લાલુ પ્રસાદ યાદવના સમયમાં થયું હતું
- યાદવે અત્યાર સુધીમાં સૌથી વધુ છ વખત રેલ બજેટ રજુ કર્યું
- વર્ષ 2000માં પશ્ચિમ બંગાળના તત્કાલીન મુખ્યમંત્રી મમતા બેનરજી પ્રથમ મહિલા રેલમંત્રી બન્યા હતા.
- વર્ષ 2014માં રેલમંત્રી સદાનંદ ગૌડાએ પ્રથમ વખત બુલેટ ટ્રેનની જાહેરાત કરી હતી.
- આઝાદ ભારતના સૌપ્રથમ રેલમંત્રી જહોન મથાઇ હતા
- પ્રથમ ટ્રેન 16 એપ્રિલ 1853ના રોજ મુંબઇ અને થાણા વચ્ચે શરૂ થઇ હતી.
- પ્રથમ પેસેન્જર ટ્રેન 15 ઓગસ્ટ 1854ના રોજ હાવરાથી હુગલી વચ્ચે થઇ હતી.
- પ્રથમ અંડરગ્રાઉન્ડ રેલવે કલકતા મેટ્રો બનાવાઇ હતી.
- પ્રથમ કોમ્પ્યુટરાઇઝ આરક્ષણ પધ્ધતિ ૧૯૮૬ માં નવી દિલ્હી ખાતે શરુ કરાઇ હતી
- જુલાઇ ૧૯૮૬ માં ભારતીય રેલવે મંત્રાલય દ્વારા મુસાફરોને રેલવેની માહિતી પુરી પાડવા માટે સીએસની સ્થાપના કરવામાં આવી હતી.

## ૨. નોવાક જોકોવીચ : ટેનિસ

- વિશ્વના પ્રથમ ક્રમાંકિત સર્બિયાના નોવાક જોકોવીચે દુબઇ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં ૭00 મો વિજય હાસલ કર્યો.
- આ સાથે જોકોવીચ સર્વાધીક મેચ જીતનાર ખેલાડીઓની ઓલટાઇમ યાદીમાં ૧૨માં ક્રમે પહોચી ગયો છે.

## 3. કલિખો પુલ

- અરુણાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રી
- વિધાનસભાના નવા સ્પીકર : વાંગકી લો આંગે

૪. ફોર્બ્સ એશિયાના 30 વર્ષથી ઓછી ઉંમરના પ્રતિભાશાળી અને ગેમચેન્જર્સની યાદી બહાર પાડી :

- પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સ એશિયાના 30 વર્ષથી ઓછી ઉંમરના આશાસ્પદ યુવા અગ્રણીઓ અને ગેમ ચેન્જર્સની યાદી બહાર પાડી.
- આ યાદીમાં 300 પ્રતિઅભાઓને સ્થાન અપાયુ છે જેમા ભારતના56 ગેમ ચેન્જર્સને સામેલ કરાયા છે
- આ યાદીમાં ટોપ 30માં ભારતના ક્રિકેટ સ્ટાર વિરાટ કોહલી, ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા અને બેડમિન્ટન સ્ટાર સાયના નેહવાલને સ્થાન મળ્યુ.

પ્રશ્નો

૧. ભારતના રેલમંત્રી કોણ છે ? સુરેશ પ્રભુ
૨. 2016-17ના રેલવે બજેટમાં તમામ રિઝર્વ્ડ કેટેગરીમાં મહિલાઓને કેટલા ટક અનામત અપાયું ? 33 ટકા
3. મહિલાઓ માઅટે રેલવે હેલ્પ લાઇન નંબર ? 182
૪. રેલવે બજેટ મુજબ દરેક ટ્રેનમાં સિનિયર સિટિઝન માટે કેટલા લોઅર બર્થ અનામ રાખવામાં આવશે. ? 120
૫. વૃધ્ધો અને દિવ્યાંગો માટે ટ્રેનના ડબ્બા સુધી પહોચવા માટે કઇ સુવિધા આપવામાં આવશે? સારથી સુવિધા
૬. પહેલું બાયો ટોઇલેટ ક્યાં લાગશે? દિબ્રુગઢ
૭. રેલવે સ્ટેશનો પર બાળકોનેન ભોજન મળી રહે તે માટે કઇ સુવિધા આપવામાં આવશે? જનની સેવા યોજના
૮. આવનારા સ્ટેશનની માહિતી આપવા કઇ સુવિધા હશે? ટ્રેનમાં જીપીએસ બેઝડ ડિસ્પ્લે અને ઇન્ફર્મેશન બોર્ડ
૯. ગુજરાતમાં ક્યાં નેશનલ એકેડ્મી ઓફ રેલવે આવેલ છે જેને યુનિવર્સિટીથી અપગ્રેડ કરાશે? વડોદરા
૧૦. રેલ બજેટ 2016-17 માં ગુજરાતના ક્યાં સ્થળને રેલવે કનેક્ટિવિટી આપવાની જાહેરાત થઇ ? હજીરા પોર્ટ
૧૧. ગુજરાતના કયાં સ્થળને આસ્થા એક્સપ્રેસ દ્વારા તીર્થ સર્કિટમાં સામેલ કરાયું ? દ્વારકા
૧૨. નવી જાહેર કરાયેલ ટ્રેનના નામ જણાવો


Vivekanand Academy, Gandhinagar

૧) હમસફર  ૨) ઉદય  ૩) તેજસ  ૪) અંત્યોદય

૧૩. નવી જાહેર કરાયેલ ટ્રેનમાંથી કઇ ટ્રેનની સ્પીડ 130 કિમી પ્રતિકલાકની હશે ? તેજસ (સુપરફાસ્ટ)

૧૪. લાંબા અંતરની ટ્રેનોમાં ક્યો વધારાનો કોચ જોડવામાં આવશે ? દિનદયાલ જનરલ કોચ

૧૫. ટ્રેનનો ડબ્બો ગંદો હોય તો માત્ર એક મેસેજથી કામદાર આવી સફાઇ કરી જાય આ સુવિધાનું નામ આપો? 'કિલન માય કોચ'

૧૬. એક્સપ્રેસ ગાડીઓની સરેરાશ ગતિ કેટલી કરવામાં આવશે ? 80 કિમી /કલાક

૧૭. કુલીને હવે ક્યાં નામથી બોલાવાનું રહેશે? યાત્રી સહાયક

૧૮. દેશના સૌથી પહેલા રેલ ઓટો હબ અને ઇ – કેટરીંગની સુવિધા ક્યાં થશે? – ચેન્નાઇ

૧૯. ટિકિટ રદ કરાવવા માટેના નંબર ? – 139

૨૦. ભારતનું રેલવેનું નેટવર્ક કેટલુ છે? – 65808 કિમી

૨૧. રેલવેનું બજેટ સૌપ્રથમ વખતઆર્થિક બજેટથી ક્યારે અલગ થયુ હતુ? – 1924

૨૨. રેલવે બજેટ અલગ થયુ ત્યારે રેલવેના ચેરમેન કોણ હતા? – વિલિયમ એકવર્થ.

૨૩. ભારત સિવાય બીજા ક્યાં દેશમાં રેલવે બજેટ અલગથી રજુ થાય છે ? – કોઇ દેશમાં નથી થતુ.

૨૪. રેલવે બજેટનું વાંચન ક્યાં થાય છે? – લોકસભામાં

૨૫. દેશના બંધારણની કઇ કલમ મુજબ દેશના બજેટના બે ભાગ પાડી રજુ કરવામાં આવે છે ? – કલમ – 112 નિયમ 204.

૨૬. રેલવે બજેટનું જીવંત પ્રસારણ ક્યાં રેલમંત્રીના સમયમાં થયુ હતુ? – લાલુ પ્રસાદ યાદવ

૨૭. સૌથી વધુ રેલ બજેટ રજુ કરનાર મંત્રી? – લાલુ પ્રસાદ યાદવ

૨૮. પ્રથમ મહિલા રેલવે પ્રધાન કોણ હતા ? – મમતા બેનરજી (2000).

૨૯. પ્રથમ વખત બુલેટ ટ્રેનની જહેરાત ક્યાં રેલવે પ્રધાન કરી હતી ? – સદાનંદ ગૌડા (2014)

30. આઝાદભારતના સૌપ્રથમ રેલમંત્રી કોણ હતા ? – જહોન મથાઇ

૩૧. ભારતમાં પ્રથમ ટ્રેનની શરૂઆત ક્યાં બે સ્થળ વચ્ચે થઇ હતી ? – મુંબઇ – થાણે.

૩૨. પ્રથમ પેસેન્જર ટ્રેનની શરૂઆત ક્યાં સ્થળ વચ્ચે થઇ હતી અને ક્યારે ? – હાવરા – હુગલી, 15 ઓગસ્ટ 1854

૩૩. પ્રથમ અંડરગ્રાઉન્ડ રેલવેની શરૂઆત ? – કલકતા મેટ્રો

૩૪. પ્રથમ કોમ્પ્યુટરાઇઝ્ડ આરક્ષણ પધ્ધિની શરૂઆત ક્યારે થઇ? અને ક્યાં? 1986, નવી દિલ્હી.

૩૫. સી આર આઇ એસની સ્થાપના ક્યારે કરવામાં આવી ? – જૂલાઇ 1986

૩૬. તાજેતરમાં ક્યાં ટેનિસ ખેલાડીએ 700 માં વિજય હાંસલ કર્યો? - નોવાક જોકોવીચ

૩૭. અરુણાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રી? – કલિખો પુલ

૩૮. ફોબર્સ એશિયાના પ્રતિભાશાળી અને આશાસ્પદ ગેમચેન્જર્સની યાદીમાં કેટલા ભારતીયોને સ્થાન મળ્યુ ? – 56

૩૯. સીઆરઆઇએસનું પુરુ નામ જણાવો – સેન્ટર ફોર રેલવે ઇન્ફર્મેશન સીસ્ટમ .

૪૦. સાયના નેહવાલ કઇ રમત સાથે સંકળાયેલ છે ? – બેડમિન્ટન

૪૧. સનિયા મિર્ઝાની રમત... ? – ટેનિસ.

Vivekanand Academy, Gandhinagar

Vivekanand Academy, Gandhinagar